

## બનાસકાંઠાની છ તાલુકા પંચાયતોના પ્રમુખ-ભાજપમાં બન્યા

આજે બનાસકાંઠા જિલ્લાની છ તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખોની ચૂંટણી યોજાઈ હતી. જેમાં થરાદ તાલુકા પંચાયત પ્રમુખ તરીકે મધાજી મકવાણા, વાવ તાલુકા પંચાયત પ્રમુખ તરીકે હાવીબેન ધનજીભાઈ ગોહીલ, ભાભર તાલુકા પંચાયત પ્રમુખ તરીકે વાલીબેન ગગાજી ઠાકોર, દિયોદર તાલુકા પંચાયત પ્રમુખ તરીકે નિતિનભાઈ ઠક્કર, કાંકરેજ તાલુકા પંચાયત પ્રમુખ તરીકે તારાબેન મસજીભાઈ સોલંકી, દાંતીવાડા તાલુકા પંચાયત પ્રમુખ તરીકે ઈશ્વરસિંહ સોલંકી વિજેતા બન્યા હતા. વાવ, ભાભર, કાંકરેજમાં ભાજપના પ્રમુખો બિન હરીફ વિજેતા બન્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# પ્રાંતિજ તાલુકામાં બેવડી ઋતુથી શરદી ખાંસીના દર્દીઓમાં વધારો

પ્રાંતિજ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેર અને તાલુકાના આસપાસના ગામોમાં બેવડી ઋતુના પગલે એકાએક વાઈરલ ઈન્ફેકશનના કારણે તાવ, શરદી, ઉધરસના કેસોમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે તેમજ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ પ્રાંતિજ શહેર તેમજ આસપાસના ગામડામાં ઘરે ઘરે શરદી, ઉધરસ, તાવ, થાક લાગવો શરીર દુખાવાના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. બેવડી ઋતુના કારણે વાઈરલ ઈન્ફેકશનના દર્દીઓમાં ભારે વધારો જોવા મળે છે. ગામડાઓમાં આરોગ્ય લક્ષી સેવાઓ મળી રહે તેમ ગામના લોકો ઈચ્છી રહ્યા છે. શરદી અને તાવના દર્દી હેરાન-પરેશાન થઈ ગયા છે. સરકારી અને પ્રાઈવેટ દવાખાનામાં લોકોની લાંબી કતારો જોવા મળી રહી છે. સવારે અને રાત્રે ઠંડી તેમજ બપોરના સુમારે અસહ્ય ગરમીનો સામનો લોકો કરી રહ્યા છે. ત્યારે વધુ સમય ઠંડી અને ગરમી પડશે તો વાઈરલના દર્દીઓની સંખ્યામાં વધારો થશે તેવું લોકોનું માનવું છે.

# હિંમતનગરમાં વિદ્યાર્થિની પર બળાત્કાર ગુજારનારને ૧૦ વર્ષની કેદ

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના હાપા ગામ નજીક બે વર્ષ પહેલા ધોરણ-૩માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીની નવ વર્ષની કિશોરીનું મોં દબાવી એરંડાના ખેતરમાં લઈ જઈને એક નરાધમે બળાત્કાર કર્યો હતો જે અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે ફરિયાદ નોંધાયેલ જેમાં પોલીસે નરાધમને પકડી પાડી જેલ હવાલે કર્યો હતો. જે અંગેનો કેસ મંગળવારના રોજ હિંમતનગરની ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી ગયેલ જેમાં ન્યાયાધીશે બળાત્કારીને દોષિત ઠરાવીને ૧૦ વર્ષ સખત કેદની સજા ફટકારી હતી.

હિંમતનગરના હાપાછાપરાના બોર કૂવા પર રહેતા પરિવારની ૯ વર્ષની કિશોરી હાજીપુર ગામની પ્રાથમિક શાળામાં ધોરણ-૩માં અભ્યાસ કરતી હતી. તા. ૨૫-૨-૨૦૧૧ના રોજ સવારે જે વિદ્યાર્થિની સવારે તેના ભાઈ સાથે શાળામાં ગયેલ ત્યાર બાદ બપોરે ૧૨.૩૦ વાગે વિદ્યાર્થિનીનો ભાઈ ઘરે પહોંચ્યો હતો ત્યારે તેની માતાએ બહેન વિશે પૂછ્યું હતું ત્યારે જણાવેલ કે બહેન તેની બહેનપણી સાથે આવે છે પરંતુ સમય વીતતો ગયો પરંતુ દીકરી ઘરે ના આવતા માતા શાળા જવાના રસ્તે શોધવા ગયેલ ત્યારે રસ્તા નજીક એક એરંડાના ખેતરમાં પોતાની દીકરી બેભાન અવસ્થામાં નજરે ચડતા માતાએ બુમાબુમ કરી હતી.જેથી આજુબાજુના લોકો ત્યાં આવી ચડ્યા



હતા ત્યાર બાદ દીકરીને ઘરે લઈ ગયેલા અને દીકરી ભાનમાં આવતા પોતાને સાથે થયેલ ઘટના અંગે માતાને જણાવેલ કે હું શાળાએથી આવતી હતી ત્યારે અચાનક એક યુવાને મારૂ મો દબાવી મને રસ્તા નજીકના એરંડાના ખેતરમાં લઈ ગયેલ મારી સાથે દુષ્કર્મ કરેલ જેથી પરિવાર આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ ગુનામાં મૂળ રહેવાસી રાજસ્થાનના સવાઈ માંધોપર જિલ્લાના બાલી તાલુકાના ભુગડોદ ગામનો અને હિંમતનગર નજીક રિજેન્ટ સિરામિકમાં નોકરી કરતો હતો અને રૂમ નં. ૧૬ માં રહેતો હરકેશ બદ્રીલાલ ખેરવા (રેગર)ને પકડી જેલ હવાલે કર્યો હતો. આ અંગેનો કેસ મંગળવારના રોજ હિંમતનગર ખાતેની સાબરકાંઠા ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ કોર્ટના ન્યાયધીશ બી.એન. કારિઆની કોર્ટમાં ચાલી ગયેલ. જેમાં સરકારી વકીલ દિલીપભાઈ એન. બારોટની ધારદાર દલીલો અને પુરાવાને ધ્યાને લઈ કોર્ટે દોષિત ઠરાવીને બળાત્કારી હરકેશ બદ્રીલાલ ખેરવા (રેગર)ને ૧૦ વર્ષ સખત કેદની સજા અને ૧૦ હજાર રૂ. દંડ અને દંડ ના ભરે તો વધુ ત્રણ મહિનાની સજા ફટકારી હતી.

# વડગામ તાલુકા પંચાયતમાં પ્રમુખ બનવા માટે કોંગ્રેસમાં ડખો

## ૧૩ માર્ચના પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી હોવાથી કોંગ્રેસના ૪ ડેલીગેટોએ પ્રમુખ-ઉપ પ્રમુખ માટેના ફોર્મ ભર્યા

પાલનપુર, તા. ૧૨

વડગામ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસમાં નારાજ બનેલ ગૃપને જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં સક્રીય બની વિધાનસભાની ચૂંટણીનો બદલો લેવા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં વડગામના કેટલાક કોંગ્રેસી કાર્યકરોને કદ પ્રમાણે વેતરી નાખી ઠેકાણે કરી લેવા બાદ વડગામ તાલુકા પંચાયતમાં પ્રમુખ ઉપપ્રમુખ જેવા મહત્વના હોદ્દા ઉપર એક ચોક્કસ ગૃપના ઉમેદવારને પ્રમુખ પદે બેસાડવા માટેની મથામણ આદરતાં વડગામ કોંગ્રેસમાં ભડકા સાથે ભંગાણ થાય તેવો વર્તાવ વર્તાવા પામ્યો છે.

તાજેતરમાં યોજાયેલી વડગામ તાલુકાંચાયતની ૨૧ બેઠકોમાંથી ૧૮ બેઠકો પર કોંગ્રેસના ડેલીગેટોનો જવલંત વિજય થયો હતો. જ્યારે ૭ બેઠકો પર બાજપના ઉમેદવારો ડેલીગેટ તરીકે ચૂંટાયા હતા. આ તાલુકા પંચાયતમાં કોંગ્રેસનો જવલંત વિજય બાદ વિધાનસભાની ચૂંટણીમાં નારાજ થયેલ ગૃપ સક્રીય બની તાલુકા પંચાયતમાં પોતાના ગૃપના ઉમેદવારને પ્રમુખ બનાવવા માટે મથામણ કરતાં તાલુકા પંચાયતમાં કોંગ્રેસના જવલંત વિજયમાં પણ ડખો ઉભો થવા પામ્યો છે. જેના કારણે આવતીકાલે પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી સમયે વડગામ કોંગ્રેસમાં બળવો થાય તો નવાઈ નહી. ૧૩ માર્ચના બપોરના બાર વાગે યોજાનાર તાલુકા પંચાયતની પ્રમુખ ઉપ પ્રમુખ માટેની ચૂંટણીમાં કોંગ્રેસના જ ચાર ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં બસુ સીટ પરથી ચૂંટાયેલા કોંગ્રેસના ડેલીગેટ અબ્દુલભાઈ પલાસરાએ પ્રમુખ માટે દાવેદારી નોંધાવી છે. અબ્દુલભાઈ પલાસરાએ પ્રમુખ માટે દાવેદારી નોંધાવી છે. જ્યારે પાંચડા બેઠક પરથી સતત ત્રીજી વાર ચુંટાયેલા કોંગ્રેસના ડેલીગેટ ડોહજીભાઈએ જ્યારે મગરવાડા બેઠક પરથી કોંગ્રેસમાંથી ચુંટાયેલા ડેલીગેટ માનસંગભાઈ પટેલને પ્રમુખ માટે અને પસવાદળ બેઠક પર ચુંટાયેલા કાસમભાઈ સેલીયા આ બંને કોંગ્રેસના ડેલીગેટોએ ભાજપના ૭ ડેલીગેટોના ટેકાથી પ્રમુખ ઉપપ્રમુખ માટે દાવેદારી નોંધાવી છે. જેના કારણે આવતીકાલે પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણીમાં વડગામ કોંગ્રેસમાં બળવો થાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# કોંગ્રેસના અગ્રણી કાર્યકર રાજુભાઈ જોષી ભાજપમાં જોડાયા

પાલનપુર, તા. ૧૨

તાજેતરમાં યોજાયેલી બનાસકાંઠા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપના ૨૬ અને કોંગ્રેસના ૨૮ સભ્યો વિજેતા થયા હતા ત્યારે કોંગ્રેસના અગ્રણી ભાજપમાં જોડાતા કોંગ્રેસમાં કાર્યકર્તામાં પ્રાપ્ત માહિતી મુજબ જિલ્લા પંચાયતના પ્રમુખની યોજાનાર ચૂંટણીમાં જિલ્લા કોંગ્રેસના અગ્રણી અને તાજેતરમાં દાંતીવાડા જિલ્લા પંચાયતની સીટ પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે વિજેતા બનેલા જિલ્લા પંચાયતના સભ્ય રાજુભાઈ ડી. જોષી આજે વિધિવત રીતે ભાજપમાં જોડાયા હતા. અને ભાજપના સમર્થનથી પ્રમુખ તરીકે પોતાનું ઉમેદવારી પત્ર ભર્યુ હતુ. રાજુભાઈ જોષીના ભાજપમાં પ્રવેશથી જિલ્લા કોંગ્રેસમાં સન્નાટો વ્યાપી ગયો હતો. ભાજપના સભ્ય સુખદેવસિંહ સોઢાએ જિલ્લા પંચાયતમાં ઉપપ્રમુખ પદે ફોર્મ ભર્યું છે. તેમજ કોંગ્રેસમાંથી પ્રમુખપદે લક્ષ્મીબેન કરેણ અને ઉપપ્રમુખ પદે યાસીનભાઈએ ફોર્મ ભર્યું છે.

# દર્શિતા પ્રકાશનના અદ્યતન શૉ રૂમનો મહેસાણામાં પ્રારંભ

મહેસાણા, તા. ૧૨

પુસ્તક પબ્લિકેશન ક્ષેત્રે ઉત્તર ગુજરાતમાં અનેરૂ સ્થાન ધરાવતાં પુસ્તક પ્રકાશક અને વિક્રેતા ‘દર્શિતા પ્રકાશન’નો અદ્યતન શૉ રૂમ મહેસાણામાં ખુલ્લો મુકાયો છે.

પ્રથમમાળ, ચંદ્રપ્રભુ કોર્પોરેટ હાઉસ વિંગ-એ સેલ્સ ઈન્ડીયા પાછળ, મોઢેરા ચાર રસ્તા સિમંધર મંદિરની સામે હાઈવે-મહેસાણા-૨ખાતે તાજેતરમાં નવા અદ્યતન શૉ રૂમનો પ્રારંભ થયો છે.

આ પ્રસંગે સાહિત્યકારો, વાંચકો, રસજ્ઞો તથા શુભ ચિંતકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તથા ઉત્તર ગુજરાતમાં વાંચન પ્રવૃત્તિ વિકસાવવામાં યશભાગી ‘દર્શિતા પ્રકાશન’ને શુભેચ્છા આપી હતી.

નવનીતભાઈ અમૃતલાલ પટેલ બાન્ટાઈવાળા, ચેતનાબેન નવનીતભાઈ પટેલ અને જયેશભાઈ એ. પટેલે ઉપસ્થિતોને સ્નેહપૂર્વક આવકારી વાંચન-લેખન પ્રવૃત્તિમાં સહભાગી બનવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# ગુજરાતમાં ડિગ્રી-ડિપ્લોમાની એક લાખથી પણ વધારે બેઠક

## ડિગ્રી ઇજનેરીની ૫૫૭૨૬ બેઠક, ડિપ્લોમાં ઇજનેરીની ૫૭૧૫૭ બેઠકો ઉપલબ્ધ હોવાનો ચુડાસમાએ દાવો કર્યો

ગાંધીનગર, તા.૧૨

રાજ્યમાં ઈજનેરીની ડિગ્રી અને ડિપ્લોમા બેઠકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આજે ગુજરાતમાં ડિગ્રી ઈજનેરીની ૫૫૭૨૬ બેઠકો તથા ડિપ્લોમા ઈજનેરીની ૫૭૧૫૭ બેઠકો ઉપલબ્ધ છે. આજે વિધાનસભાગૃહમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતુ કે, રાજ્યના વિદ્યાર્થીઓને ઈજનેરી ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ માટે ગુજરાત બહાર જવાની જરૂર નથી. છેલ્લા દસ વર્ષમાં રાજ્યમાં ડિગ્રી અને ડિપ્લોમા ઈજનેરી કોલેજો અને તેની બેઠકોમાં વધારો થયો છે. હાલ રાજ્યમાં ૨૨૨ જેટલી સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ડિગ્રી અને ડિપ્લોમા કોલેજો કાર્યરત છે. જેમાં ડિગ્રી ઈજનેરી કોલેજોમાં ૫૫૭૨૬ બેઠકો મંજુર થઈ છે, તથા ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં ૫૭૧૫૭ બેઠકો મંજુર થઈ છે.

શિક્ષણમંત્રીએ અન્ય પ્રશ્નોના જવાબમાં પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું કે, ભાવનગર જિલ્લામાં ત્રણ ડિગ્રી કોલેજોમાં ૧૬૮૦ બેઠકો તથા બે ડિપ્લોમા કોલેજોમાં ૧૩૩૫ બેઠકો મંજુર થઈ છે. અમદાવાદમાં ૧૪ ડિગ્રી કોલેજોમાં ૭૫૬૦ બેઠકો તથા ૯ ડિપ્લોમા કોલેજોમાં ૫૮૮૩ બેઠકો મંજુર થઈ છે. સુરત જિલ્લામાં ૧૦ ડિગ્રી કોલેજોમાં ૪૧૯૦ અને ૯ ડિપ્લોમા કોલેજોમાં ૪૭૯૦ બેઠકો મંજુર થઈ છે. વડોદરામાં ૯ ડિગ્રી કોલેજોમાં ૫૨૫૦ તથા ૧૦ ડિપ્લોમા કોલેજોમાં ૭૧૧૦ બેઠકો, ભરૂચ જિલ્લામાં પાંચ ડિગ્રી કોલેજોમાં ૨૧૧૫ બેઠકો મંજુર થઈ છે. આ પ્રશ્નોત્તરીમાં ધારાસભ્ય સર્વ રાકેશ શાહ (એલિસબ્રીજ), અરવિંદ પટેલ (સાબરમતી), હર્ષ સંઘવી (મજુરા), ઈશ્વરસિંહ પરમાર (બારડોલી), નરોત્તમ પટેલ (ઉધના), મોહન ઢોડીયા (મહુવા), રાજેન્દ્રસિંહ ત્રિવેદી (રાવપુરા), મનીષાબેન વકીલ (વડોદરા શહેર), ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર), વિભાવરીબેન દવે (ભાવનગર પૂર્વ) અને જીતેન્દ્ર વાઘાણી (ભાવનગર પશ્ચિમ)એ ભાગ લીધો હતો.

# વિદ્યાનગરી ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

હિંમતનગર શહેરમાં આવેલ મહિલા આર્ટસ કોલેજ વિદ્યાનગરી ખાતે સ્પોર્ટસ ડિપાર્ટમેન્ટ, સેવા સામુદાયિક અને હેલ્પ કમિટિ તેમજ લાયન્સ ક્લબ ડિવાઈન અને લાયોનેસ ક્લબના સંયુક્ત ઉપક્રમે રેડ ક્રોસ સોસાયટી દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ રક્તદાનનું મહત્વ સમજાવી આવી ઉમદા સામાજીક સેવાઓ માટે સૌએ કટિબદ્ધ રહેવા માટે હાંકલ કરી હતી. રક્તદાન કેમ્પમાં વિદ્યાર્થિનીઓએ ભારે ઉત્સાહ દાખવી ૩૨ બોટલ રક્તદાન કર્યું હતું. આ પ્રસંગે વિદ્યાનગરીના ડી.એલ. પટેલ, લાયન્સ ક્લબ ડિવાઈનના પ્રમુખ પ્રવિણભાઈ પ્રજાપતિ, અર્ચનાબેન ભટ્ટ, રમેશભાઈ શાહ, મોહનભાઈ નાયી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રા. આર.એમ. પટેલ, ડૉ. એ.એમ. પટેલ, પ્રા.લી. એફ દેસાઈ, પ્રા.લી. એસ. પટેલ, સહિત વિદ્યાનગરી ભગીની સંસ્થાઓના કર્મચારીઓ ભારે જહેમત ઉઠાવી હતી.

# મોડાસામાં ૫ મહિના પહેલા ચોરાયેલ રોકડ ૭૦ હજારની ફરિયાદ નોંધાઈ

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના મોડાસામાં ધનસુરાના એક ઈસમની બાઈકમાંથી ૫ મહિના પહેલા રોકડ ૭૦ હજારની ચોરી થઈ ગયેલ જે અંગેની ફરિયાદ સોમવારના રોજ મોડાસા ટાઉન પોલીસમથકે નોંધાઈ છે.

વિગત મુજબ ધનસુરા તાલુકાના કોલવડા ગામના વિઠ્ઠલભાઈ લાલાભાઈ પટેલ તા. ૧-૧૦-૨૦૧૨ના રોજ બપોરના ૩.૩૦ વાગે મોડાસામાં બેંક ઓફ બરોડા આગળ ઉભા હતા અને પોતાની બાઈક નંબર જીજે-૯-એ-એન-૧૧૯ની ડેકીમાં રહેલ પર્સમાં રોકડા રૂ. ૭૦ હજાર મુકેલ હતા. દરમિયાન કોઈ અજાણ્યા ઈસમે વિઠ્ઠલભાઈની નજર ચૂકવી ૭૦ હજારની ચોરી કરી લઈ ગયેલ આ અંગે તે સમયે મોડાસા ટાઉન પોલીસમથકે જાણવા જોગ નોંધાવી હતી. દરમિયાન ૫ મહિના બાદ પોલીસે જાણવા જોગ પરથી સોમવારના રોજ ફરિયાદ નોંધી હતી.

# દૂધનાં ભૂતિયાં ખાતાં દાખલ કરી પરોયા દૂધ મંડળીના સેક્રેટરી દ્વારા ઉચાપત

ખેડબ્રહ્મા, તા.૧૨

ખેડબ્રહ્મા તાલુકાની પરોયા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સેક્રેટરીનો રૂ. ૭૭૯૭૧ની ઉચાપતનો કિસ્સો પ્રકાશમાં આવતા સહકારી ક્ષેત્રમાં ચકચાર મચી જવા પામી છે. સેક્રેટરીએ દૂધ ચુકવણા રજીસ્ટરમાં બે ભૂતિયા ખાતાં કોમ્પ્યુટરમાં દાખલ કરી રકમ પોતાના અંગત કામોમાં વાપરી નાંખી ગેરકાયદેસર કૃત્ય કરવા બદલ જિલ્લા રજીસ્ટ્રારના ઓડીટર દ્વારા ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં સેક્રેટરી વિરુધ્ધ ફરીયાદ નોંધાવવામાં આવી છે.

ખેડબ્રહ્મા તાલુકાની પરોયા દૂધ ઉત્પાદક સહકારી મંડળીનું તા. ૧-૪-૧૨ થી તા. ૩૦-૯-૧૨ના સમયનું ઓડીટ સહકારી ઓડીટર દ્વારા કરવામાં આવ્યું હતું. ઓડીય સમય દરમિયાન નાણાંની ગેરરિતી જણાઈ આવી હતી. પરોયા દૂધ મંડળીમાં સેક્રેટરી તરીકે ફરજ બજાવતા રબારી ગોવાભાઈ મહાદેવભાઈએ દુધ ચુકવણા પત્રકમાં ખાતા નંબર ૨૯૬ તથા ૩૨૮નાં ભૂતિયાં ખાતાં કોમ્પ્યુટરમાં દાખલ કર્યા હતા. આ સમયગાળા દરમિયાન ખાતા નંબર ૨૯૬માં રૂ. ૪૦૯૯૭.૫૧ તથા ખાતા નંબર ૩૨૮માં ૩૬૯૭૩.૫૪ મળી કુલ રૂ. ૭૭૯૭૧.૦૫ની હંગામી ઉચાપત કરી પોતાના અંગત ઉપયોગમાં વાપરી હતી. આમ દૂધના નાણામાં ગેરરિતી કરી ખોટા દસ્તાવેજ બનાવી ખરા તરીકે ઉપયોગ કરી મંડળી સાથે વિશ્વાસઘાત કરી ઉચાપતનો ગુનો કર્યો હતો.

આ અંગે સાબરકાંઠા જિલ્લા રજીસ્ટારે લીબ રીઝર્વ ઓડીટર એમ.પી. પઢીયારને ફરિયાદી બનાવી પરોયા દૂધ મંડળીના સેક્રેટરી ગોલાભાઈ વિરુધ્ધ ખેડબ્રહ્મા પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. વીરલ પટેલે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તાજપુર કેમ્પ પાસે અજાણ્યા વાહનની ટક્કરથી યુવાનનું મૃત્યુ

તાજપુર કેમ્પ, તા. ૧૨

તાજપુર કેમ્પ ગામે આવેલ મેશ્વો નદીના પુલ ઉપર અજાણ્યા વાહનચાલકે એક યુવાનને હડફેટે લેતા તેનું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ નાની પાસીના મુવાડા ગામના રમણસિંહ લાલસિંહ સોલંકી (ઉં.વ.૪૦ આશરે) તાજપુર કેમ્પ ગામે આવતા-જતા હતા. તેઓ તાજપુરથી પરત જતા હતા ત્યારે મેશ્વો નદીના પુલ પર અજાણ્યા વાહનચાલકે રમણસિંહને હડફેટે લીધા હતા. આ ઈજાગ્રસ્ત યુવાનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યુ હતું. જ્યારે વાહનચાલક ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. ત્યાંથી પસાર થઈ રહેલા હરસોલ આઉટપોસ્ટના જમાદાર હિરાભાઈએ ઘટનાની જાણકારી મેળવી મૃતકના ઘરે જાણ કરી હતી.

# સર્વ શિક્ષા અંતર્ગત શાળાઓમાં ફાયર સેફ્ટી સિલિન્ડર સુવિધા

ગાંધીનગર, તા.૧૨

બાળકોની સલામતીએ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. રાજ્યની શાળાઓમાં ૮,૭૦૦ શિક્ષકોની ભરતીની પ્રક્રિયા તબક્કાવાર હાથ ધરાઈ છે. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિધાનસભામાં જણાવ્યું હતું કે, સર્વ શિક્ષા અભિયાનની યોજના હેઠળ શાળાઓમાં ફાયર સેફ્ટી સીલીન્ડર આપવામાં આવી રહ્યા છે. મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રશ્નોત્તરી દરમિયાન જણાવ્યું હતું કે, વડોદર જિલ્લામાં કુલ ૨,૩૨૬ શાળાઓ છે, તે પૈકીની ૮૩૯ શાળાઓમાં પ્રાથમિક તબક્કામાં ફાયર સેફ્ટી સીલીન્ડર આપવામાં આવ્યા છે. બાકીની ૧૪૯૫ શાળાઓમાં તબક્કાવાર ફાયર સેફ્ટી સીલીન્ડર અપાશે. રૂા.૨૫૩૦ની કિંમતનું એક એવું આ ફાયર સેફ્ટી સીલીન્ડર રાજ્ય સરકારે જાહેર નિવિદા આપીને ખરીદ્યા છે. વડોદરા જિલ્લાની વિગતવાર માહિતી આપતાં મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, છોટાઉદેપુર તાલુકામાં રૂા.૨૨૩૦૦૦ની કિંમતે ૮૮ સીલીન્ડર, ડભોઈમાં ૫૩, પાવી જેતપુરમાં ૮૭ શાળાઓમાં સીલીન્ડર, વડોદરામાં ૫૯ અને વાઘોડીયામાં ૫૮ શાળાઓમાં ફાયર સેફ્ટી સીલીન્ડર આપવામાં આવ્યા છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આમ તો આ સીલીન્ડરની એક્સપાયરી તારીખ ૧ વર્ષની હોય છે, પરંતુ સીલીન્ડરના સપ્લાયર સાથે વિમર્શ-વાટાઘાટો કરીને રાજ્ય સરકારે પાંચ વર્ષ માટે વોરન્ટી લીધી છે.


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

રવિવારે શો રૂમ બંધ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન